# મહેસાણામાં કોરોના વાયરસને મહાત કરવા વહીવટીતંત્રની સજ્જ

## મહેસાણા જિલ્લામાં ૬૮૧ વિદેશથી આવેલા નાગરિકો હોમ ક્વોરેન્ટાઇન હેઠળ : મહેસાણા જિલ્લામાં ૧૦૦ બેડની કોવિડ હોસ્પિટલ તૈયાર કરાઈ

મહેસાણા, તા. ૨૮

નોવેલ કોરોના(કોવિડ-૨૦૧૯)ની વૈશ્વિક મહામારીને નાથવા માટે મહેસાણા જિલ્લા વહીવટીતંત્ર સુસજ્જ બન્યુ છે. મહેસાણા જિલ્લા કલેકટર એચ.કે. પટેલે જણાવ્યું હતું કે જિલ્લા વહીવટીતંત્ર તરફથી કોરોના વાયરસને કારણે ઉભી થયેલી પરિસ્થિતિનો સામનો કરવા, સુસજ્જતા કેળવવા અને તેના સંક્રમણને અટકાવવા પગલાં લેવામાં આવ્યા છે.

જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં વિદેશથી આવેલા પેસેન્જરોના સર્વેલન્સની કામગીરી પુર્ણ કરાઈ છે. જેમાં હાલમાં ૬૮૧ જેટલા વિદેશથી આવેલા પેસેન્જરો હોમ ક્વોરેન્ટાઇન હેઠળ છે. આ ઉપરાંત ૩૨૮ જટેલા પેસેન્જરોનું હોમ ક્વોરેન્ટાઇન પુર્ણ થયેલ છે. આ ઉપરાંત મહેસાણા જિલ્લામાં ૯૦૦ જેટલી આરોગ્યની ટીમો દ્વારા સમગ્ર જિલ્લામાં ડોર ટુ ડોર સર્વેલન્સ કરાયું છે. આ ઉપરાંત હાઈરીસ્ક-વલ્નેરેબલ પોપ્યુલેશન જેવા કે સગર્ભા માતાઓ, ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો, ૬૦ વર્ષથી વધુ ઉંમરના નાગરિકો અને ટીબી તેમજ એચ.આઈ.વી. ગ્રસ્ત દર્દીઓ મળીને કુલ ૩,૬૨,૨૪૬ લોકોનું સર્વેલન્સ કરાયુ છે. જેમાંથી ફલુના લક્ષણો ધરાવાતા ૪૨૬૫ લોકોને ઓળખીને તીબીબ સારવાર અપાઇ રહી છે.

મહેસાણા જિલ્લા સિવિલ હોસ્પિટલમાંથી ૭ શંકાસ્પદ કેસોના નમુનો લેવામાં આવ્યા હતા જે સાત કેસો નેગેટીવ આવેલ છે. આ ઉપરાંત મહેસાણા જિલ્લાની એક વ્યક્તિ ગાંધીનગર જિલ્લા ખાતે ફરજ બજાવતી હતી. આ વ્યક્તિને કોરોના વાયરસ (કોવિડ-૨૦૧૯)ના લક્ષણો જણાતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી તેમનો ટેસ્ટ કરવામાં આવેલ હતો. આ વ્યક્તિને કોરોના (કોવિડ-૨૦૧૯) પોઝેટીવ આવેલ છે. આ વ્યક્તિના રહેણાંકના સ્થળે જિલ્લા આરોગ્ય તંત્રની ટીમ દ્વારા ઘનિષ્ટ સર્વેલન્સની કામગીરી કરાઇ છે. જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા આ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોય તેમના આરોગ્યની તપાસ કરી હોમ ક્વોરેન્ટાઇન કરવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે. જો કે આ વ્યક્તિના કુટુંબને સતત તબીબી દેખરેખ હેઠળ હોમ ક્વોરેન્ટાઇન કરવામાં આવેલ છે અને તેમના કુટુંબમાં કોરોના (કોવિડ-૨૦૧૯)ના વાયરસથી વિકસતા કોઇ લક્ષણો હાલમાં જણાયા નથી.

મહેસાણા જિલ્લામાં ભવિષ્યમાં કોઇ પરિસ્થિતિ ઉભી થાય અને રોગનું સંક્રમણ વધે તો તે માટે અગાઉથી ભવિષ્યની સુસજ્જતા કેળવવા માટે મહેસાણા ખાતે ૧૦૦ બેડની કોવિડ હોસ્પિટલ આઇસોલેશન વોર્ડ સાથે ઉભી કરાઇ છે. આ સુવિધા સાંઇ ક્રિષ્ણા હોસ્પિટલ ખાતે ૧૦૦ બેડ સાથે ૧૦ વેન્ટીલેટરની વ્યવસ્થા કરાઇ છે જેના માટે સ્ટાફની નિમણુંક પણ કરાઇ દીધી છે. આ ઉપરાંત મહેસાણા જિલ્લામાં વિવિધ સાત સ્થળોએ ૮૫૫ ક્વોરેન્ટાઇનની સુવિધા ઉભી કરાઇ છે.





### ડીસામાં કામ વગર બહાર નીકળ્યા તો વાહન જપ્ત

કોરોના જેવી મહામારીને લઈ વિશ્વની અનેક મહાસતાઓ ઘુંટણીયે પડી ચુકી છે. જ્યાં રોજબરોજ હજારો લોકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. જીવલેણ એવી આ બીમારીના ગુજરાતમાં પણ ૫૪ જેટલા પોઝીટિવ કેસ સામે આવી ચુક્યા છે તેથી તંત્ર દ્વારા લોકોને ઘરની અંદર રહી સંક્રમણથી બચવા માટે અપીલ કરવામાં આવી રહી છે. તેમછતાં લોકો વિના કારણે ઘરની બહાર નીકળી રહ્યા છે. જોકે બનાસકાંઠા જિલ્લાના ડીસામાં કામ વગર બહાર નિકળનાર સામે હવે પોલીસ સખત કાર્યવાહી કરશે. કામ વગર બાઈક-કાર લઈને બહાર નિકળનારનું વાહન પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવશે અને જ્યાં સુધી લોકડાઉન પૂર્ણ નહિ થાય ત્યાં સુધી બાઈક કે કાર છોડાવી પણ શકાશે નહીં.

# મોડાસા નગરપાલિકા દ્વારા કુંભારવાડા અને કોઠારીવાડામાં દવાનો છંટકાવ કે દેખાડો

## લોકોનો નગરપાલિકાની કામગીરી સામે પ્રમૂખ સામે આક્રોશ ઠાલવ્યો

મોડાસા, તા. ૨૮

કોરોના વાઈરસ ન ફેલાય તેની તકેદારીના ભાગરૂપે મોડાસા નગરપાલિકાતંત્ર સતર્ક બન્યું છે. શહેરના જાહેરમાર્ગો પર અને રહેણાંક વિસ્તારોમાં દવાનો છંટકાવ કરવાની કામગીરી હાથ ધરી છે. શહેરના કુંભારવાડા અને કોઠારીવાડા વિસ્તારમાં દવાનો છંટકાવ કરતા કર્મચારીઓ રસ્તાઓ પર જ દવાનો છંટકાવ કરતા રહીશોમાં ભારે રોષ છવાયો હતો. લોકોના ઘર આગળ અને બંને વિસ્તારની ખડકીઓમાં દવાનો છંટકાવ ન થતા હોબાળો મચાવતા નગરપાલિકાના કર્મચારીઓ અને રહીશો વચ્ચે તું-તું મૈં-મૈં થતા હોબાળો મચતાં નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ ઘટનાસ્થળે દોડી મામલો થાળે પાડ્યો હતો.



સમગ્ર દુનિયામાં કોરોના વાઈરસે હાહાકાર મચાવી દીધો છે. જો કે અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરમાં એક પણ પોઝિટિવ કેસ અત્યાર સુધીમાં જોવા મળ્યો નથી. તેમ છતાં લોકોમાં કોરોનાને લઈને ડરનો માહોલ ઊભો થઈ રહ્યો છે. ત્યારે મોડાસા નગરપાલિકાનાતંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે સમગ્ર શહેરમાં દવાનો છંટકાવ કરવાની શરૂઆત કરવામાં આવી છે. શહેરમાં આવેલ સરકારી કચેરીઓ, જાહેર સ્થળો, લોકોની અવરજવર વધુ ધરાવતા સ્થળો તેમજ વધુ ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. મોડાસા શહેરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવાની કામગીરી સતત વિવાદોથી ઘેરાયેલી રહી છે.



મોડાસા શહેરમાં સ્વચ્છ શહેર બનાવવા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમ છતાં શહેરમાં સફાઈની કામગીરી કરવામાં નગરપાલિકાતંત્ર ઉણુ ઉતરતું હોવાની બૂમો સામાન્ય બની છે. નગરપાલિકાતંત્રના કર્મચારીઓએ કોરોનાના પગલે કુંભારવાડા અને કોઠારીવાડામાં દવાનો છંટકાવ ફક્ત દેખાવ પૂરતો કરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે સ્વચ્છતા અને ગટરની સફાઈ કામગીરી પણ વ્યવસ્થિત થતી ન હોવાથી લોકોએ હોબાળો મચાવતા કર્મચારીઓ સામે યોગ્ય રીતે દવાનો છંટકાવ કરવામાં આવેની માંગ સાથે હોબાળો થતા નગરપાલિકાની કામગીરી સામે ભારે રોષ જોવા મળતા તાબડતોડ નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ ઘટનાસ્થળે પહોંચી લોકોને સમજાવી યોગ્ય રીતે દવાનો છંટકાવ અને સફાઈ કામગીરી યોગ્ય રીતે કરવામાં આવશેની હૈયાધારણા આપી હતી.

# વડગામ સરપંચ અને દાતાઓના સહકારથી જરૂરીયાતમંદ લોકોને કીટનું વિતરણ

વડગામ, તા. ૨૭

વડગામ યુવા અને જાગૃત સેવાભાવી સરપંચ ભગવાનસિંહ સોલંકી તેમજ ગામના કેટલાક દાતાઓના સહયોગ થકી વડગામમાં ગરીબ જરૂરીયાતમંદ લોકોને જીવન જરૂરી ચીજવસ્તુઓની કીટ મફતમાં વિતરણ કરાઈ હતી. થકી જરૂરીયાતમંદ લોકોને વિતરણ કરવામાં આવી હતી. કીટમાં ૫ કિલો લોટ, ૨૦ કિલો ચોખા, ૧ લિટર તેલ, ૧ કિલો તુવેર દાળ, ૧ કિલો મગદાળ, ૨૫૦ ગ્રામ મરચું, ૨૦૦ ગ્રામ હળદર, ૨૯૦ ગ્રામ મસાલાનું પેકેટ, ૧ કિલો બટાકા, ૧ મીઠાની થેલી અને ૧ સાબુ સહિતની વિવિધ વસ્તુઓ સાથે



વડગામના સરપંચ ભગવાનસિહ સોલંકી તથા ગામના વિવિધ સમાજના દાતાઓના સહયોગ થકી વડગામ ખાતે ટંકનું રળીને ખાતા ગરીબ લોકોને ભોજન માટેની કીટ બનાવી વડગામ સરપંચના યથાગ પ્રયત્નો ૧૫૦ થી વધુ કીટો તૈયાર કરવામાં આવી હતી અને વડગામ અને આજુબાજુ ગામના જરૂરીયાતમંદ ગરીબ લોકોને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગરીબ લોકોને ખાવાનું મળતા આનંદ છવાયો હતો.

# પ્રાંતિજ ખાતે વ્હોરા મુસ્લિમ સમાજ બિસમિલ્લા લંગર કમીટી દ્વારા કરિયાણાની કીટોનું વિતરણ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વ્હોરા મુસ્લીમ સમાજ બીસમીલ્લા લંગર કમીટી દ્વારા હિન્દુ-મુસ્લીમ ગરીબ પરિવારોને કરીયાણાની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવત ઉપસ્થિત રહીને શુભકાર્યની શરૂઆત કરવામાં આવી હતી.

કોરોના વાઈરસના કારણે સરકાર દ્વારા ગુજરાત સહિત દેશભરમાં લોકડાઉન કરવામાં આવ્યું છે ત્યારે લોકો ધંધો રોજગાર બંધ રહેતા રોજબરોજનું કમાઈને ખાતા ગરીબ પરિવારોને હાલ બે ટમના ભોજન માટે મુશ્કેલીઓ ઉભી થતાં આવા પરિવારોના વાહરે સરકાર સહિત વિવિધ સંસ્થાઓ આવી રહી છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ વ્હોરવાડ ખાતે વ્હોરા મુસ્લીમ સમાજ બીસમીલ્લા લંગર કમીટી દ્વારા હિન્દુ-મુસ્લીમ ગરીબ પરિવારોને કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



જેમાં પ્રાંતિજ પીઆઇ એમ.ડી. ચંપાવત ઉપસ્થિત રહીને તેવોએ આ ભગીરથ કાર્યનો શુભારંભ કરાવ્યો હતો અને વ્હોરા મુસ્લીમ સમાજ બીસમીલ્લા લંગર કમીટીના પ્રમુખ સભ્યોને શુભેચ્છાઓ શુભકામના પાઠવી હતી અને આવા કપરા સમયમાં મુસ્લીમ સમાજના ગરીબ પરીવારો સહિત હિન્દુ ગરીબ પરિવારોને પણ કરીયાણાની કીટ અપાતા દેશ હિત અને દેશની સાથે રહીને ખડેપગે રહી પોતાની સેવાઓ પુરી પાડતા તેવોને બિરદાવ્યા હતા. મુસ્લિમ સમાજ દ્વારા હિન્દુ-મુસ્લીમ ગરીબ પરિવારોને કરીયાણાની કીટો આપવામાં આવતા ગરીબ પરીવારોના ચહેરા ઉપર સ્મિતની સાથે ખુશી જોવા મળી હતી.

# રાજસ્થાની શ્રમિકોની મદદે અરવલ્લી વહીવટી અને એસ.ટી. તંત્ર, પાંચ બસો મુકાઈ

સમગ્ર રાજ્ય અને દેશમાં લોકડાઉન છે ત્યારે લોકો ઘરમાં બેસીને કોરોના વાયરસ સામે લડી રહ્યા છે. કોરોનાના કારણે સમગ્ર



રાજ્યમાં બાંધકામ ઉદ્યોગ, નાના-મોટા કારખાના અને ફેક્ટરીઓમાં કામ કરતા પરપ્રાંતિય શ્રમિકોનો મોટો સમૂહ ગુજરાત છોડી રહ્યો છે. બિલ્ડરોએ બાંધકામના શ્રમિકો માટે કોઈ વ્યવસ્થા કરી નહીં અને સરકારે પણ હાથ ઉંચા કરી દેતા ઉપર આભ અને નીચે ધરતીની સ્થિતિમાં મુકાઈ ગયેલા શ્રમિકોએ બસ કે ટ્રેન નહીં મળવાના કારણે પગપાળા ગુજરાત છોડવાનું શરૂ કર્યું છે. મોડે મોડે મુખ્યમંત્રીએ લોકોની દયનિય સ્થિતિને જોઇ ગુજરાતના મુખ્યમંત્રીએ તેમના માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવાની તંત્રને સૂચના આપી છે, ત્યારે અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર અને એસટી વિભાગ દ્વારા પગપાળા જતા લોકોને તમામ સુવિધા ઉપલબદ્ધ કરાવી એસટી મારફતે ૭૦૦ થી વધુ શ્રમિકોને વતન મોકલી આપવામાં આવ્યા છે.

અરવલ્લી જીલ્લામાંથી રાજસ્થાન તરફ પગપાળા જતા લોકોથી રોડ પર વણથંભી યાત્રા જોવા મળતા છેલ્લા ત્રણ દિવસથી લોકડાઉનની સ્થિતિમાં પોલીસતંત્ર



અને સેવાભાવી સંસ્થાઓ પાણી, ચા-નાસ્તા અને ફૂડ પેકેટની હૂંફ આપી રહ્યા છે. કેટલાક ખાનગી વાહનો ધરાવતા લોકો શ્રમિકોને વ્હારે આવી પોલીસતંત્રના સંકલનમાં શ્રમિકોને રાજસ્થાન પહોંચાડવા મદદરૂપ બન્યા છે, ત્યારે અરવલ્લી જીલ્લા વહીવટીતંત્રના અધિકારીઓએ પગપાળા જતા શ્રમિકોની તમામ પ્રકારની મદદ કરી ગત રાત્રીએ ૫ થી વધુ એસટી બસ મારફતે રાજસ્થાન મોકલી આપવામાં આવતા પદયાત્રા કરીને થાકેલા શ્રમિકોએ હાશકારો અનુભવ્યો હતો.

પરપ્રાંતીયો વાહનવ્યવહાર થંભી જતા પગપાળા જ પોતાના વતન તરફ પ્રયાણ કર્યું હતું, આ લોકો સાથે તેમનો પરિવાર અને બાળકો સાથે ભૂખ્યા-તરસ્યા પગપાળા વતન તરફ જઇ રહ્યા છે. આ લોકોની દયનિય સ્થિતિને જોઇ ગુજરાતના મુખ્યમંત્રીએ તેમના માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવાની ગોઠવણ કરવામાં આવતા મુખ્યમંત્રીની સૂચનાના આધારે વહીવટીતંત્ર હરકતમાં આવી એસટી તંત્રની મદદથી એસટી બસમાં પરપ્રાંતીયોને વતન પહોંચાડવા દોડધામ કરી રહ્યું છે. મોડે મોડે જાગેલ રાજ્ય સરકાર સામે પરપ્રાંતીયોએ "દેર આયે દુરસ્ત આયે" કહેવતની જેમ સરાહના કરી હતી.

# કોરોનામાં વ્યસ્ત પોલીસનો બુટલેગર ફાયદો ઉઠાવવા જતા ઝડપાયો

## માલપુર પોલીસે ૯૧ બોટલ દારૂ સાથે બાઈક સાથે બુટલેગરને દબોચ્યો

પોલીસતંત્ર લોકડાઉનની અમલવારી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા કમરકસી રહી છે, બુટલેગરો પોલીસતંત્રની વ્યસ્તતાનો ફાયદો



ઉઠાવવા તત્પર બન્યા છે. અરવલ્લી જીલ્લામાં રાજસ્થાનમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઘુસાડવામાં આવે છે. રાજ્યોએ મુખ્ય સરહદો સીલ કરતા બુટલેગરો અંતરિયાળ સરહદનો ઉપયોગ કરી નાના વાહનો મારફતે દારૂ ઠાલવી રહ્યા છે. માલપુર પોલીસે જીતપુર ગામ નજીક સારથી ત્રણ રસ્તા પાસેથી બાઈક પર થેલામાં વિદેશી દારૂ ભરી પસાર થતા મહેશ મંગા પગી નામના બુટલેગરને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમે માલપુરના તમામ વિસ્તારોમાં લોકડાઉનની અમલવારી માટે સઘન પેટ્રોલિંગ હાથ ધર્યું છે.

જીતપુર ગામ નજીક સારથી ત્રણ રસ્તા વાહનોનું ચેકીંગ હાથ ધરાતા બાઈક પર કોથળામાં વિદેશી દારૂ ભરી પસાર થતા મહીસાગરના ચીખલી જોજો ગામના મહેશ મંગા પગીને દબોચી લીધો હતો. કોથળામાંથી વિદેશી દારૂની બોટલ અને ક્વૉટારીયા નંગ-૯૧ કિં. રૂ. ૮૧૫૦નો જથ્થો જપ્ત કરી બાઈકની રૂ. ૨૫૦૦૦ મળી રૂ. ૩૩૧૫૦નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી માલપુર પોલીસે મહેશ મંગા પગી નામના બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.




### ખેડબ્રહ્મા પોલીસે દ્વારા ૫૦ માણસોને વતનમાં પહોચાડ્યા

કોરના વાયરસને લાઈ ૨૧ દિવસ સુધી સમગ્ર દેશ લોકડાઉન હોઈ કોઈ કામકાજ ન મળતા મજૂરી માટે ખેડબ્રહ્મા આવેલ ૫૦ જેટલા લોકોને ખેડબ્રહ્મા પી.એસ.આઈ. વિશાલ પટેલ અને ટિમ દ્વારા પોશીના અને લંબાડીયા બાજુથી આવેલ લોકોને ખેડબ્રહમાં માંથી એકત્ર કરી સેનેતાઈઝ કરી પાણીની બોટલ આપી પોલીસ વાહનમાં ખેરોજ અને પોશીના બોર્ડર સુધી પહોંચળવમાં આવ્યા હતા.